ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### 'મારું જીવન એ મારી વાણી'

ગાંધીજી એટલે મન-વચન અને કર્મની એકતા. 'આમાર જીવન ઈ આમાર બાની' એવો બંગાળી ભાષામાં આપેલો એમનો સંદેશ ગાંધીમાર્ગના લગભગ છેલ્લા માઈલસ્ટોન એવા નારાયણ દેસાઈએ ચીવટપૂર્વક આ લેખેલો ગાંધીચરિત્રનું શીર્ષક બની રહ્યો. આ બૃહદ્ ગાંધીચરિત્ર ગ્રંથના કર્તા તરીકે એમને ભારતીય જ્ઞાનપીઠનો પ્રતિષ્ઠિત 'મૂર્તિ દેવી પુરસ્કાર' પણ મળ્યો હતો. નારાયણ દેસાઈ અત્યારે અઠ્યાસી વર્ષનાં છે. એમને ૧૦૮ ગાંધીકથા કરવાનો સંકલ્પ કરેલો, તે પૈકી પહેલી ગાંધીકથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કરી હતી અને છેલ્લી એકસો આઠમી કથાની ગૂજરાત વિદ્યાપીઠના સાદરા (જિ. ગાંધીનગર) ખાતે આવેલા ગ્રામ્ય પરિસરમાં આજે ગાંધી નિર્વાણ દિને પુર્ણાહૂતિ થશે. આ પનોતા પુત્રને ગાંધીજીના ખોળામાં રમવાનો લહાવો મળેલો છે. બાપુ એમને 'બાબલો' કહેતા.

ગાંધીજીને તો એકસો વીસ વર્ષ જીવવાની ઈચ્છા હતી. ગાંધીજી આજે હયાત હોત તો? તો એ એટલા બધા દુઃખી દુઃખી થઈ જાત જેટલા અંગ્રેજ રાજમાં થયા નહોતા. સુરેશ દલાલ સાચું કહે છે : કોઈ પણ રસ્તાને એમનું નામ આપ્યા વિના એમના રસ્તે ચાલ્યા હોત તો ભારતનાં તકદીર અને તસવીર જુદાં જ હોત. ઉમાશંકર જોશીએ નોંધ્યું છે કે માર્કસ પોતે માર્ક્સવાદી નહોતા એ જ પ્રમાણે ગાંધીજી ગાંધીવાદી નહોતા. એ વાદનાં નહીં, સંવાદના માનવી હતા. મન મોકળું રાખી જે કંઈ શુભ વિચાર વાંચે - સંભાવે એનો સ્વીકાર કરતા. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવ જન' એમને ગમી ગયું, એના એકેએક લક્ષણને એમને ચરિતાર્થ કરવાનો આજીવન પુરૂષાર્થ કર્યો. એ ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ ધરાવતા હતા. બધા ધર્મો આખરે એક જ ઈશ્વર તરફ દોરી જાય છે એમ માનવા અને દરેક વ્યક્તિ સાચો ધાર્મિક બને એવી અપેક્ષા રાખતા. એ પ્રાર્થનામાં 'રઘુપતિ રાઘવ રાજા રામ'ની ધૂન વગડાવતા એથી કટ્ટર ઈસ્લામપંથી અગ્રણીઓએ એમને હિંદુ નેતા તરીકે ખતવી નાખ્યા હતા. પરંતુ ગાંધીનો રામ તે દશરથ પુત્ર કે અયોધ્યાપતિ રામ નહોતો. એમનો રામ તો જીવ માત્રના હૈયે ધબકતો ચિરંતન સત્ય સ્વરૂપ ઈશ્વર હતો. સત્ય અને અહિંસાના પુનીત પંથ પર આજીવન ચાલતા રહેનારા ઓલિયાને એક હિંદુ એ જ ગોળી એ દીધા અને ઢળી પડતાં પણ છેલ્લે એમનાં હોઠે તો 'હે રામ' શબ્દ જ આવ્યો. ગાંધી એમના અવસાન પછી વધુ ને વધુ પ્રસ્તુત બનતા ચાલ્યા છે. વિશ્વની મહાસત્તાઓ એકી અવાજે સ્વીકારે છે કે માનવજાત સુખી થવા ઈચ્છતી હશે તો એનો ગાંધી ચીંધ્યા માર્ગે ચાલ્યા વગર છૂટકો નથી. વીસમી સદીના સર્વતોમુખી મહાનાયક તરીકે ગાંધીનો સાર્વત્રિક સ્વીકાર થઈ ચૂક્યો છે ત્યારે આપણે ગુજરાતીઓએ જ એમને ખબર પણ ન પડે એવી સિફતપૂર્વક હાંસિયે ધકેલી મેલ્યા છે. જૈફ વયે નારાયણ દેસાઈને ગાંધીકથા ગાવાની ફરજ પડી એની પાછળ આપણી આ ધૃષ્ટ બેકદરદાની અને નાગડદાઈ પડેલી છે. મહાભારતકાર વેદવ્યાસની જેમ, અદલ એજ ભાષામાં વ્યક્ત થયેલી, બાપુએ અંતિમ દિવસે વ્યક્ત કરેલી વેદના હતી : 'મારૂં સાંભળે છે જ કોણ?'



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી.પી.સી.સી.એસ. કોલેજના બી.સી.એ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હિતેશ પટેલે ઓસીપી (ઓરેકલ સર્ટીફાઈડ પ્રોફેશનલ)ની પરીક્ષામાં ઉર્તીણ કરી હતી. સારા માર્કસ સાથે ઉર્તીણ થનાર વિદ્યાર્થી હિતેશ પટેલને સર્વ વિશ્વવિદ્યાલયના ચેરેમેન વલ્લભાઈ પટેલ દ્વારા પ્રશસ્તિપત્ર અને પ્રોત્સાહક ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે બી.સી.એ. કોલેજના ડાયરેકટ ડૉ. ડી.એન.જાની, પ્રા. વિપુલ પ્રજાપતિ સહિત અધ્યાપકોએ શુભેચ્છા પાઠવી હતી. (તસવીરઃ મિતેશ મોદી)



### વાવોલમાં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી

શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલમાં ૬૪માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ઉપપ્રમુખ અશોકભાઈ શ્રોફના હસ્તે ધ્વજવંદન કરાવ્યું હતું. આ પ્રસંગે રાકેશભાઈ પટેલ, કોર્પોરેટર મનપા ગાંધીનગર અશ્વિનભાઈ પટેલ, પૂર્વ સરપંચ કુબેરસિંહ, અમરસિંહ, કલમેશસિંહ, વિક્રમસિંહ, મફતસિંહ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વિવિધ ઈનામો આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. ૧૦૦ વિદ્યાર્થીઓને વિવિધતા સભર કાર્યક્રમ રજૂ કરેલ હતો. શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલે કાર્યક્રમને સફળતા અપાવા ભારે જહેમત ઉઠાવી હતી.

### સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી


ગાંધીનગર, તા. ૨૯

કુડાસણની સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ૬૪મા પ્રજાસત્તાક દિનની વિવિધ કાર્યક્રમો સાથે ઉત્સાહ ઉમંગથી ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન વિનોદભાઈ પટેલ, આચાર્ય તથા શાળા પરિવારની ઉપસ્થિતિમાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલે ધ્વજ વંદન કરાવ્યું હતું. ઝંડા ગીત, રાષ્ટ્ર ગીત, પરેડના કાર્યક્રમો યોજાયા હતા. જુદા જુદા પ્રાંતના નૃત્ય સાથે, અભિનય સાથે, શોર્ય ગીતો રજૂ થયા હતા. હર્ષિલ પટેલ આ પ્રસંગે ઉદ્‌બોધન કરેલ હતું. દિલીપભાઈ લીંબાચીયાએ સફળતા પૂર્વક સંચાલન કર્યું હતું.

### લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના લેંકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૬૪માં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટી સાથે-સાથે લેંકાવાડા ગ્રામ પંચાયતના સરપંચ ખાસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે આચાર્ય દ્વારા શાળાના વિદ્યાર્થીઓને પ્રજાસત્તાક દિનની સમજૂતી આપવામાં આવી હતી તથા સ્પોર્ટસ ડે-ના વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં રાજયકક્ષાએ પસંદગી

પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં વિજેતા બની રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. કુસ્તીમાં પ્રથમ નંબરે કુ. ઉર્વિશી રાજપુત રાજયકક્ષાએ પસંદગી પામ્યા છે. ટેકવેન્ડો સ્પર્ધામાં અમીન રાજદીપ, હેન્ડબોલ સ્પર્ધામાં પટેલ ચિંતન મોથલિયા યકીન રાજયકક્ષાએ પસંદ પામ્યા છે. ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતિબા રાઓલે વિજેતાઓને શુભેચ્છા પાઠવેલ છે.

### ચામડીના રોગોના નિષ્ણાતોનો પરિસંવાદ યોજાયો

ઈન્ડિયન એસોસીએશન ઓફ કર્મટ્રોલોજીસ્ટ વેનેરેઓલોજીસ્ટ એન્ડ લેપ્રોલોજીસ્ટની ૪૧મી વાર્ષિક અધિવેશન યોજાયુંહતું. જેમાં ૪૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં ચામડીના રોગો તથા ભ્રામક જાહેરાતો વિશે ચેતવણી અને માહિતી આપી હતી. આ નવતર પ્રયાસ કર્યોહતો. કાર્યક્રમનો ડૉ. સુરેશ જોશીપુરાએ તથા મંત્રી ડૉ. રંજન રાવલે સફળતા માટે પ્રયત્ન કરેલ હતા.

### સી.એમ. હાઈસ્કૂલમાં 'ગાંધીકથા'નું આયોજન

શહીદ દિન એટલે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં નિવૃત્ત સચિવ કનુભાઈ દવે દ્વારા વિદ્યાર્થી, યુવાની, તથા ગાંધીજીના પ્રસંગોની રોચક શૈલીમાં ગાંધીકથાનું રસપાન કરાવેલ હતું. સંસ્થાના આચાર્ય બી.કે.પટેલ, સુપરવાઈઝર અરૂણાબેન પટેલ, કુ. ચેતના બુચે જહેમત ઉઠાવી હતી.

### શ્રીવલ્લભ દર્શન અને સમ્યક દર્શન પુસ્તકોનું રવિવારે લોકાપર્ણ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા જાણીતા સાહિત્યકાર કવિ સુમંતભાઈ એમ. શાહના બે કાવ્યગ્રંથો 'શ્રી વલ્લભદર્શન' અને 'સમ્યકદર્શન'નું લોકાપર્ણ તા. ૩જી ફેબ્રુઆરીએ પી.કે. ચૌધરી મહિલા કોલેજ સંકુલમાં સાંજે ચાર કલાકે યોજાનાર છે.

બંને પુસ્તકોનું લોકોપર્ણ કૃષ્ણકાંત જહાના વરદહસ્તે થશે. આ પ્રસંગે મેઘાવી સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

મુખ્ય મહેમાન તરીકે પૂર્વ સચિવ રસિકલાલ કે. શાહ તથા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે ઉપસ્થિત રહેશે. સમારંભના અધ્યક્ષપદે પૂર્વ મંત્રી ઈશ્વરસિંહજી ચાવડા આર્શીવચન આપશે. ગુજરાત સાહિત્ય સંગમ તથા ગાંધીનગર સાહિત્ય સભા મંત્રી નટરવભાઈ હેડાઉ તથા પ્રકાશક ડૉ. સંજય શાહ અને ડૉ. રાકેશ શાહે જણાવેલ છે.

### પ્રજાસત્તાક દિન સર્વ વિદ્યાલય કડી સંકુલમાં ઉજવાયો

સર્વ વિદ્યાલય ગાંધીનગરની ભગિની સંસ્થાઓનાં ઉપક્રમે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મમતા ઈન્સ્ટીટયૂટના નિયામક વી.એલ. પંચાલે ધ્વજવંદન કરાવ્યું હતું. બી.કે. પટેલે આઝાદીની યશગાથા વર્ણવી હતી. શાળા પરિવારે હાજરી આપી હતી.

### આર.સી. પટેલ સ્કુલમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૯

શ્રીમતી આર.સી. પટેલ સ્કુલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. નર્સિંગ કોલેજના ડાયરેકટર ડૉ. આર.જે . વ્યાસના વરદ હસ્તે ધ્વજવંદન કરાયું હતું. વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવ્યા હતા. ઉદ્‌ઘોષણા પ્રકાશભાઈ વાઘેલાએ કરી હતી.

### સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ રાજસ્થાનનો પ્રવાસ કર્યો

શેઠ સી.એમ. હાઈસ્કુલ દ્વારા બે દિવસનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. રાજસ્થાન ધાર્મિક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. ૮૦ વિદ્યાર્થીઓ પ્રવાસમાં જોડાયા હતા.

## એચ.કે. દેસાઈ વિદ્યામંદિરમાં ગણતંત્ર દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદના પરિસરમાં ૬૪મો પ્રજાસત્તાક દિન ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

એચ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરે યોજાયેલા ૬૪મા પ્રજાસત્તાક દિને સંસ્થાના ટ્રસ્ટીગણ, અનસ્ટોપેબલ સોસીયલ એકટીવીટીઝના કાર્યકર રૂષિકુમાર, ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય મહોબતજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મહેમાનો દ્વારા બાળકોને આદર્શ વિદ્યાર્થી અને આદર્શ નાગરિક બનીને ભારતને વિશ્વ વંદનીય બનાવવા જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ વિકલાંગો બાળકોને ઈફકો દ્વારા ચોકલેટ કીટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો રજૂ કરી પોતાની રાષ્ટ્રભાવના પ્રગટ કરી હતી.

## ગાંધીનગર શહેર કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા કસ્તુરીનગર ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત તાજેતરમાં જિલ્લાની શહેર કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા તાજેતરમાં ઈફકો સ્પોર્ટસ સંકુલ, કસ્તુરીનગર ખાતે યોજાઈ હતી.

કસ્તુરીનગર ખાતે યોજાયેલી ટેબલ ટેનિસ સ્પર્ધામાં ૧૬ વર્ષથી ઉપરની બહેનોની રમતમાં કું. નિર્હા દેસાઈ પ્રથમ ક્રમે, કું. અર્ચના તુલસાની દ્વિતીય ક્રમે અને અમીબેન રાવલ તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આગામી ૩ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે રાજયના તમામ જિલ્લાઓની સ્પર્ધા યોજાનાર હોઈ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ આ ત્રણ ખેલાડીઓ કરશે. ખેલ મહાકુંભની શહેરી કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં વિજેતા બનેલ કુ. નિર્હા, કુ. અર્ચના અને અમીબેનને અભિનંદન પાઠવ્યા હતા.

## માનવ સ્મૃતિ શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સ્મૃતિ વિકાસ ટ્રસ્ટ (ગાંધીનગર) સંચાલીત 'માનવસ્મૃતિ' મંદબુદ્ધિવાળા બાળકોને વિશિષ્ટ નિવાસી શાળાના વિશાળ પટાંગણમાં ૬૪મો પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ આનંદ હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી. આ શુભ દિને સંસ્થાના ટ્રસ્ટી ભાવિનભાઈ પટેલના વરદ્‌હસ્તે સવારે ૯.૦૦ કલાકે ધ્વજદિન કાર્યક્રમ યોજવામાં આવ્યો. ટ્રસ્ટીશ્રીએ બાળકોને બિરદાવીને પ્રોત્સાહિત કર્યા હતા.સંચાલક ભાવેશભાઈ પટેલના નેજા હેઠળ રંગોલી કરવામાં આવી હતી. સંસ્થાના શિક્ષકગણે-સલાહકાર સોમાભાઈએ પોતાના વકતવ્યો રજુ કર્યા હતા. દેશ ભક્તિના ગીતો તેમજ નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ શુભ દિને બાળકો દેશ ભક્તિના ગીતો સાથે ડાન્સ કર્યોહતો. ડાન્સ જોઈને આવનાર સમગ્ર મહેમાનો તેમજ સંસ્થાની આસપાસની સોસાયટીના લોકો ખુશ થઈ ગયા હતા. બાળકોની શક્તિને બિરદાવી હતી. સંચાલકેઆભારવિધિ કરીનેકાર્યક્રમનુંસમાપન ચા-નાસ્તો કરી પૂર્ણ કરવામાં આવ્યું હતું.




### ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજમાં વિવિધ ડેની ઉજવણી

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વિવિધ ડેની ઉજવણીના ભાગરૂપે ટ્રેડીશનલ ડેથી ભાતીગણ ટ્રેડીશનલ પોષાકો પહેરી, ગુજરાતીઓની આગળ ઓળખ સમા ગરબાની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. તારક ઠક્કરે કર્યું હતું. આચાર્ય પી.એ. વાઢેરાએ માર્ગદર્શન આપ્યું હતું. ઈનચાર્જ આચાર્ય પી.એસ. પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ પ્રીતિ પટેલ, દ્વિતીય અવની પટેલ, તૃતીય ક્રમે નિરવ વૈદ્ય અને નીમિશા ઠાકોર આવ્યા હતા.

## ઈતિહાસ સાક્ષી છે કે અતવારી પુરૂષોએ હંમેશાં શહીદી કે અપમૃત્યુ વેઠવાનું આવે છે મહાનાયક શ્રીકૃષ્ણ પારધીના તીરથી, સત્યવીર સોક્રેટિસને ઝેરનાં પ્યાલાથી, જિસસને શૂળીએ ચઢાવ્યા અને મહાત્મા મોહનને ગોળીઓ વીંધી ગઈ

### સત્યનો નિર્વાણદિન

- ડૉ. યોગેન્દ્ર પારેખ



શુક્રવાર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ મહાત્મા ગાંધીની જીવનયાત્રાનો આખરી દિવસ. તેમની અંતિમ દિવસની વેદના હતી; 'મારૂં સાંભળે કોણ?!' સત્ય અને અહિંસાનો જીવનમંત્ર અને આચાર-વિચાર અભેદની આધારશીલા પર સ્વરાજયપ્રાપ્તિના સ્વપ્નને સાકાર થયેલું જોઇ ચૂકેલાં ગાંધીજીએ રડતા હૃદયે ભારત વિભાજનની મહાવ્યથા ભોગવી. તેઓ ભાગલા અટકાવી ન શક્યા એને ભાગલા માટે જવાબદાર એવા અંતિમવાદી જિદ્દી ઝીણાનું કશું જ ન બગાડી શકનાર કે વાળ પણ વાંકો ન કરી શકનાર વિચારધારાના પ્રતિનિધિ એવા વિપથગામી મતિભ્રષ્ટ યુવાનની ત્રણ ગોળીએ રાષ્ટ્રપિતાના પ્રાણ હરી લીધા. સરહદની બંને બાજુએ જીવી રહેલાં છેવાડાના માણસને, બંને દેશમાં એક જ માણસમાં શ્રધ્ધા હતી. એ માણસનું નામ હતું મોહનદાસ કરમચંદ ગાંધી. ઇતિહાસ સાક્ષી છે કે અતવારી પુરૂષોએ હંમેશાં શહીદી કે અપમૃત્યુ વેઠવાનું આવે છે મહાનાયક શ્રીકૃષ્ણ પારધીના તીરથી, સત્યવીર સોક્રેટિસને ઝેરનાં પ્યાલાથી, જિસસને શૂળીએ ચઢાવ્યા અને મહાત્મા મોહનને ગોળીઓ વીંધી ગઇ.

બરાબર એક દિવસ અગાઉ ૨૯મી જાન્યુ.એ ગુરૂવારે ગાંધીજીએ મનુબહેનનને કહેલું, 'જો સામાન્ય માંદગીથી પથારીમાં પડીને મરૂં તો લોકો તારી નિંદા કરે એ જોખમ વહોરીને પણ છાપરે ચડીન કહેજે કે આ માણસ મહાત્મા નહોતા. પણ જો હું પ્રાર્થના કરવા જતો હોઉં અને કોઇ માણસ આવીને મને ગોળી મારે અને હું સામી છાતીએ ગોળી ઝીલું, મારા મોમાંથી રામનું નામ નીકળે અને સામેનાં માણસ વિશે મારા મનમાં સહેજ પણ કડવાશ ન હોય તો તું કહેજે કે આ માણસ ભગવાનનો ભક્ત હતો.' ગાંધીજીને મૃત્યુનો જાણે પૂર્વાભાસ થયો હતો. હજી નવ દિવસ અગાઉ જ ૨૦મી જાન્યુ.ના રોજ તેમને મારવાનો નિષ્ફળ પ્રયાસ થઇ ચૂકયો હતો.

ગાંધીજીની હત્યા પ્રયાસો છેક ૧૯૩૪થી થતા આવ્યા હતા. પૂર્વે ગાંધીજીએ ૧૨૫ વર્ષ જીવવાની આશા વ્યક્ત કરી હતી ત્યારે મરાઠી સામયિક 'અગ્રણી'માં ગોડસેએ લેખ લખ્યો કે 'પણ જીવવા દેશે કોણ?!' ૧૯૩૪ થી ૧૯૪૮ સુધીના હત્યાના છ પ્રયાસોમાં ત્રણમાં ગોડસેની હાજરી પુરવાર થઇ હતી. ભારત વિભાજન કે પંચાવન કરોડની વાત પર જયારે હવામાં ન હતી ત્યારથી હત્યાના મનસૂબા સેવાતા હતા. નૈતિક ધોરણે ભાગલાની શરત મુજબ પંચાવન કરોડ આપવાની વાત છેક ૧૯૪૮ના જાન્યુ. ના પ્રથમ સપ્તાહમાં થઇ હતી. ઇતિહાસનું અટ્ટહાસ્ય તો જુઓ કે રામનામમાં શ્રધ્ધા સેવનારા ગાંધી પ્રત્યે કટ્ટરપંથી મુસ્લિમો નારાજ હતા અને હરિજનોના મંદિર પ્રવેશના અધિકારનો આગ્રહ રાખનારા ગાંધીજી પ્રત્યે રૂઢિજડ ધર્માંધો ચૌદ વર્ષથી હત્યાનો લાગ શોધતા હતા. જે સહુનો હતો એનું કોઇ નહોતું.

અંતિમ દિવસે સવારે સાડા ત્રણે તેઓ જાગ્યા અને જોડે સૂતેલા બ્રિજકૃષ્ણ ચાંદીવાલા, આભા, મનુને શીલાબહેનને જગાડ્યા. પ્રાર્થના કરી. પ્રાર્થના બાદ ગરમ પાણી, મધ ને લીંબુના રસનું પાણી પીધું. ઊંઘ ઓછી થઇ હતી એટલે સહેજ ઝોકું ખાઇ છ વાગ્યાની આસપાસ મોસંબીનો રસ પીધો. છેલ્લો ઉપવાસ પછી ખોરાક રોજેરોજ મપાતો. રોજના નિયમ મુજબ આભા પાસે બંગાળી પાઠ લીધો. દિવસભર મુલાકાતીઓ આવતા રહ્યા. દિલ્હીના મૌલાનાઓ સમક્ષ તેમણે સેવાગ્રામ જવાની અને શાંતિસેના ઊભી કરવાની ઇચ્છા વ્યક્ત કરી. ભારતીયો ઉપરાંત પાકિસ્તાન, લંકા, દક્ષિણ આફ્રિકા, ફ્રાન્સ અને ઇંગ્લેન્ડના મુલાકાતીઓ આવ્યા. સેવાગ્રામ જવા બાબતે મૌલાનાઓએ તેમણે કહ્યું, 'આવતીકાલે પ્રવાસ સારૂં જવાની વ્યવસ્થા કરવા મેં મારા સાથીઓને કહ્યું છે પણ કોણ જાણે આવતીકાલ જોવા હું હોઇશ કે નહીં!'

હજી ગઇકાલે જ કોંગ્રેસ માટે નવા બંધારણનો ખરડો તૈયાર કર્યો હતો. જેમાં કોંગ્રેસનું વિસર્જન કરી લોકસેવક સંઘ તરીકે કામ કરવાના માર્ગદર્શન સૂચનો હતા. જેના વિષે મહાત્માની વિદાય પછી કોંગ્રેસ કદી વિચાર ન કર્યો. એ ખરડો પ્યારેલાલને સુધારા માટે આજે મોકલ્યો.

બપોરના ભોજનનાં બાફેલું શાક, મૂળા, ટામેટા અને ચાર સંતરાનો રસ લીધો. લંકાના પ્રતિનિધિ ડો. ડિસીલ્વા તેમની દીકરી સાથે આવ્યા હતા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ લંકા સ્વતંત્ર થવાનું હતું. તેથી તેઓ શુભેચ્છા સંદેશ લેવા આવ્યા હતા. ડિસીલ્વાની પુત્રીને બાપુના હસ્તાક્ષર જોઇતા હતા. ગાંધીજીના એ છેલ્લાં હસ્તાક્ષર હતા.

સરદાર પટેલ પુત્રી મણીબેન સાથે સવા ચાર વાગ્યે આવ્યા. એક કલાક સુધી કાતતાં કાતતાં સરદાર સાથે સંવાદ થયો. સરદાર - નહેરૂ વચ્ચે તીવ્ર મતભેદ ટાળવાનું અનિવાર્ય હતું. જરૂર પડે તો આવતીકાલનો સેવાગ્રામનો પ્રવાસ રદ કરીને પણ દેશહિતમાં બંને વચ્ચે મનમેળ ન થાય ત્યાં સુધી દિલ્હી છોડીશ નહીં એવો નિર્ધાર કર્યો એમ 'પૂર્ણાહૂતિ'માં પ્યારેલાલે નોંધ્યું છે. સાંજની પ્રાર્થના પછી પ્રવચનમાં સરદાર - નહેરૂં વિશે તેઓ વાત પણ કરવાનાં હતા.

બિરલા ભવનના સેવક હરિરામે સાંજનું ભોજન તૈયાર કર્યું. જેમાં બકરીનું દૂધ, લીલોતરીનો રસ અને ત્રણ સંતરાં હતાં. પ્રાર્થનામાં દસ મિનિટ મોડું થયું હતું. મણીબહેને ધ્યાન દોર્યું. ગાંધીજી ઝડપથી ઉઠ્યા. એ અંતિમ મહાપ્રયાણ હતું. બિરલા હાઉસનાં બગીચાની એ પ્રાર્થનાભૂમિ પર ચારસો-પાંચસો માણસો પ્રાર્થનાર્થે આવ્યા હતા. મનુબહેન-આભાબહેનનો સથવારો હતો ત્યાં ભીડમાંથી આગળ આવી મનુબહેનને ધક્કો મારી બે હાથ જોડી હત્યારાએ સાતબોરની પિસ્તોલમાંથી ત્રણ ગોળી છોડી અને બાપુ હે રામ! હે રામ! બોલતા ઢલી પડ્યા. બિરલા હાઉસના માળી રઘુએ ખૂનીને ઝડપી લીધો. સહુથી પહેલા સરદાર પહોંચ્યા. ડો. ભાર્ગવ, ડો. જીવરાજ મહેતાએ બાપુને નિષ્પ્રાય જાહેર કર્યાં અને દેશ મહાવ્યથામાં ડૂબી ગયો. હે રામ! સત્યનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો હતો. આપણે અહિંસાને દેશવટો દીધો.

(શાશ્વત ગાંધી, અંક-૧૯માંથી સાભાર)